**<u>ફોજદારી કેસ નંબર :૫૫૭૬/૨૦૧૦ ના કામે ફરીયાદપક્ષ આરોપીને હાજર રખાવી શકેલ ન હોય આખરી હુકમ:–</u>**

૧) કેસનુ રેકર્ડ જોતા કેસનુ રેકર્ડ જોતા ૧૨ વર્ષ જુનો છે, કેસમા ફરીયાદી, ચાર્જશીટ રજુ કર્યા બાદ આરોપી કોર્ટમા હાજર રહેલ નથી, અત્રેની અદાલત ધ્વારા અવારનવાર સમન્સ સમન્સ/વોરંટ ઈસ્યુ કરવા છતા આરોપી મળી આવેલ નથી, એવા શેરા સાથે સમન્સ/વોરંટ પરત કરવામા આવેલ છે, વોરંટ પરનો શેરો જોતા આરોપી લાંબા સમયથી દર્શાવેલ સરનામે રહેતા નથી, ઘર છોડીને જતા રહેલ છે, આજુબાજુ પુછપરછ કરતા આરોપીને ઘણા લાંબા સમયથી જોયેલ નથી તેમ જણાઈ આવે છે, જામીનદારને નોટીશ કરવામા આવતા જામીનદાર આ કામે છુટા થઈ ગયેલ છે અથવા મરણ પામેલ છે, આથી આરોપી મળી આવવાની શકયતા નહીવત જણાઈ આવે છે.

રેલ્વે એકટની કલમો મુજબની ફરીયાદ ખાનગી ફરીયાદ ગણાય છે, આરોપી વિરૂધ્ધનુ તહોમત સાબિત કરવા સારુ આરોપીને હાજર રખાવવાની સંપુર્ણ જવાબદારી તપાસ કરનાર અમલદારની /ફરીયાદીની છે. આટલા લાંબા સમયથી આરોપી વિરૂધ્ધ વોરંટ ઈસ્યુ કરવા છતા ત.ક.અ.શ્રી/ફરીયાદી આરોપીને હાજર રખાવી શકેલ નથી અને કેસોનુ ભારણ વધતુ જાય છે. અત્રેની અદાલત ધ્વારા કેસ વિડ્રો કરવા માટે લ ેખિતમા જણાવવામા આવેલ પરંતુ તેઓના જણાવ્યા મુજબ રેલ્વે ઓથોરીટીની ગાઈડલાઈન મુજબ ડોરમન્ટ ફાઈલ પર કેસ મુકયા બાદ ૧૦ વર્ષ બાદ જ કેસ વિડ્રો થઈ શકતા સદર કેસો વિડ્રો થઈ શકે તેમ નથી તેમ જણાવેલ છે આથી આટલા જુના કેસો વિડ્રો પણ કરતા નથી, આથી આવા વર્ષો જુના કેસોનુ ભારણ વધતુ જાય છે, અને કોર્ટનો સમય બરબાદ થાય છે એવુ અત્રેની અદાલતનુ માનવુ છે.

ના. વડી અદાલતોના ચુકાદાઓ તેમજ ના. વડી અદાલતનુ જુના કેસોના નિકાલ

માટેની ગાઈડલાઈન મુજબ આવા કેસોનો સત્વરે નિકાલ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. કેસનુ રેકર્ડ જોતા ઘણા લાંબા સમયથી ફરીયાદપક્ષ આરોપીને ટ્રાયલ દરમ્યાન હાજર રખાવવામા નિષ્ફળ ગયેલ હોય તેમજ આરોપી વિરૂધ્ધ પુરાવો આપવામા આવેલ ન હોય આરોપીને દોષિત ઠરાવવા માટે પુરતા કારણો ન હોય, હાલના આરોપી વિરૂધ્ધ ટ્રાયલ આગળ ચલાવવાની કોઈ શકયતા જણાતી ન હોય, આરોપી વિરૂધ્ધની ટ્રાયલ સ્થગિત કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે, આથી ન્યાયના વિશાળ હીતમા નીચેનો હુકમ કરવામા આવે છે.

## –: હુકમ :–

આરોપી વિરૂધ્ધની ટ્રાયલ સ્થગિત કરવાનો આથી હુકમ કરવામા આવે છે.આરોપીને ઉપરોકત ગુનાના કામેથી ડીસ્ચાર્જ કરવામા આવે છે.

આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા રદ કરવામા આવે છે, જામીનદારને જામીનગીરીમાંથી મુકત કરવામા આવે છે તેમજ રોકડ જામીન હોય તો રોકડની રકમ સરકારશ્રી ખાતે જમા કરવાનો હુકમ કરવામા આવે છે.

મુદામાલ પાવતી મુજબનો મુદામાલ અપીલ સમય બાદ માલીકી અંગેની ખરાઈ કરીને પરત કરવો,જો રોકડ રકમ હોય સરકારશ્રી ખાતે ખાલસા કરવી તેમજ અન્ય મુદામાલનો નાશ કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

જો ભવિષ્યમા આરોપી મળી આવે તો ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ ૩૦૦(૫) મુજબની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૬/૦૬/૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૬/૦૬/૨૦૨૨ (હસમુખભાઈ જયસંગભાઈ પરમાર)
રાજકોટ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.(રેલ્વે)રાજકોટ
કોડ નં. જીજે–૦૧૪૬૭